**GJVD020561982024**

**<u>મે. બીજા અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બી.એમ.રાજ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. વડોદરા.</u>**

**ફોજદારી કેસ નં. ૪૭૬૭૫ –૨૦૨૪**
**આંક – ૯**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપીઓ :– (૧) વિજય દિનેશભાઇ ઠાકોર**
**(૨) જયનીતભાઇ રવિન્દ્રભાઇ ચૌધરી**
**(૩) સાહીલ યુસુફભાઇ જાની**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત છે કે આરોપીએ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે. તે અંગે પોલીસે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતા આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ સમન્સ બજતા આરોપીઓ હાજર થયેલ. આરોપીઓએ કાયદા મુજબ ચાર્જશીટ ની નકલ આપી તેમની સામેનું તહોમત વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ છે. ગુનો સ્વેચ્છાપર્વક કબુલ કરેલ છે.

(૩) આરોપીઓ તેની ગુના કબુલાત પુરશીશ આજરોજ અત્રેની અદાલતમાં આપી તેમને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે તેઓ ગરીબ વર્ગ ના કુટુંબ કબીલા વાળા માણસ છે. જેથી દયાની માંગણી કરેલ છે. આમ, આરોપીઓની સ્વૈચ્છિક કબુલાત નહીં માનવાને કોઈ કારણ રહેતું નથી. આરોપીઓએ આ કાયદા હેઠળની સજાની સમજ આપવામાં આવેલ છે. આરોપીઓ તરફે મુદામાલ મોબાઈલ તથા નાણા અંગે કોઈ કલેઈમ નહી કરતા હોવાનુ જાહેર કરેલ છે.

(૪) આરોપી સંબંધે ખાસ અને પૂરતા કારણો જણાયેથી તેને કાયદાથી ઠરાવેલ લઘુતમ સજા અને દંડ કવા ઓછી સજા અને દંડ કોર્ટ કરી શકે છે તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ થી રજૂ થયેલ ચૂકાદામાં ઠરાવેલ છે. તે અન્વયે આરોપીઓને જાહેર કરેલ તેના સંજોગોને ધ્યાને લેતાં આ કામે લઘુતમ સજા અને દંડ કરવા ખાસ અને પૂરતા કારણો હોવાનું અને તેમ કર્યેથી ન્યાયનો હેતુ સરશે. તે મુજબનો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>આખરી હુકમ</u>**

- આરોપીઓને બી.એન.એસ.એસ. – ૨૦૨૩ ની કલમ – ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબના ગુનામાં દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા ૫૦૦ x ૩ = ૧૫૦૦/– દંડ અને જો દંડ ન ભરે તો દીન– ૦૨ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

- મુદ્દામાલ રોકડ રકમ સરકારમા જમા કરવો તથા અન્ય બિન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો. તેમજ મુદામાલ મુદામાલ મોબાઈલની મુળ માલીકની ખરાઈ કરી, અપીલ સમય બાદ પરત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજનો નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૯/૨૦૨૪
સ્થળ :– વડોદરા.

**(બકુલકુમાર મણીલાલ રાજ)**
બીજા એડીશ્નલ સીવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક.,
વડોદરા. જજ કોડ – જીજે ૦૧૪૬૨

પાવતી નં. ................
રુપિયા ૧૫૦૦ /– (અંકે રુપીયા એક હજાર પાંચ સો પુરા)
તા. ૧૪/૦૯/૨૦૨૪

નાઝર
ચીફ જયુડી.મેજી.કોર્ટ,
વડોદરા.